લિપિકૃતં. પ.સં.૩-૧૫, પ.ક્ર.૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૨૩૦/૧૬૯૭.
[જૈહાપ્રોસ્ટા પૃ.૨૫૩.]

**૧૦૫૩. શ્રીદેવ** (જ્ઞાનચંદશિ.)
[જુઓ આ પૂર્વે પૃ.૭૫.]

**(૪૨૨૪) [ઉપદેશ ગીત]** ૮ કડી

**આદિ –** ઢાલ ઓલી મારુના ગીતની
સુણો સુમતી હો સુમતી ધરો મન માહિ સમકિત-રતન
જતન કરી સંગ્રહો
આરાધો આરાધો અરિહંત દેવ દોષ અઢાર અસુભ તિહાં નવિ લહો.૧
દાન લાભ નેહો વીરજ ભોગોપભોગ એ અંતરાય પંચ
પ્રભુ મઇ નહી
રિતિ અરિતિ નેહો હાસ દુગંછા સોગ કામ મિથ્યાત નિદ્રા
ભય નવિ સહી. ૨

**અંત –** મુનિ યોગ હો પાયો શ્રી જિનધર્મ કર્મમાં હરણ કારણ ગુણાં તણો
શિવસંપતિ હો પામો ઇમ વેગ **શ્રીદેવ** વચન વિવેકઇ સો સુણ્યો. ૮
(૧) પ.સં.૪-૧૫, પ.ક્ર.૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૭.૨૦૭/૨૬૮૩.

**(૪૨૨૫) [રાજલ ગીત]** ૮ કડી

**આદિ –** વનજારીના ગીતની ઢાલ.
ગોખ ચઢી **રાજલ** ઇમ આખે, દરદ હદે અવધારી રે. સહીયા
કંઈસઇ કરિ રાખુ મન મારી છયછબીલે છત્ર હુતઇ સો
છાડી ચલે નિહારી રે. સહી. ૧ એ આંકણી
**સમુદ્રવિજય શિવાદેવીય** નંદન સ્યામ શરીરકે ધારી રે. સહીયાં.
નવભવકે **નેમીશર** પ્યારે તબહીકી મે પ્યારી રે. સહીયાં. ૨

**અંત –** સ્વામી પે સંયમ લેવો શ્રી જિનધર્મ વિચારી રે. સ.
હુઈ સાધવી સતીયસિરોમણિ કામકષાય નિવારી રે. સ. ૭
કર્મ ખપાવી કેવલ પામી સિદ્ધિ આતમ તારી રે. સ.
શ્રી **જ્ઞાનચંદ** ગણીશર સેવક **શ્રીદેવ** તસ બલીહારી રે. સહીયાં. ૮
—સંપૂર્ણોડયં.
(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૧થી ૨.

**(૪૨૨૬) [રાજિમતી રહનેમિ સજઝાય]** ૭ કડી

**આદિ –** દેવર દુરિ ખડા રહો તેરા દિલ્લ ફિરેગા

મેરા સીયલ હરૈગા તો પાપે પિંડ ભરેગા. દેવ. એ આંકણી. ૧
ઝિરમર ઝિરમર મેહ વરસઇ તિણિ થયા ઘોર અંધેરા
**રાજિમતી રહનેમી** દોનું એક ગુફા ઉત્તારા દે. ૨

**અંત –** સાધો સંયમ પાલી દોનુ પાવઇ મોખિ વિસાલા
કહે **શ્રીદેવ** સદા સુઝ હોજ્યો વંદન વેગ ત્રિકાલા. ૭
—ઇતિ સંપૂર્ણોઽયં.
(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૨.

**(૪૨૨૭) [સીમંધર વિનતિ]** ૮ કડી

**આદિ –** રાગ રામગરી
**શ્રીમંધર** સ્વામી સુણો ત્રિભુવનધણી એક કરુ અરદાસ ત્રિ.
તુમ ચરણ વિણ સ્વામજી ત્રિ. વસાયો હું ભવવાસ ત્રિ. ૧
કાલ અનાગત નિગોડ મે ત્રિ. દીઠી મે દુખરાસિ ત્રિ.
સાઢા સતરઇ ભવ કીયા ત્રિ. તે મે એક ઉસાસ ત્રિ. ૨

**અંત –** ભવિભવિ હોજ્યો મુઝ ઇસુ ત્રિ. તું સાહિબ હું દાસ ત્રિ.
નિજ સેવક **શ્રીદેવ**ની ત્રિ. પુરવજ્યો એ આસ ત્રિ. ૮
(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૩થી ૪.

**(૪૨૨૮) [જિન વિનતિ]** ૭ કડી

**આદિ –** જિન જાણે જિન ઘુ ગતિ મેરે દિલદી
મોહ ઉદય મુઝ કૌલ ચલાદી તૌ કુમતિ મહેલી ખિલદી જિન.
કાલ અનાદિ નિગોડ રુલંદી તૌ માનવયોનિ ન મિલદી. ૧ જિન.
ભ્રમદ ભ્રમદ મૈં સબ જગ ભરમ્યા તૌ વૈર ન સૂઇ ધિલદી. જિન.
લખિ ચઉરાસી યોનિ મૈં ફરસી તૌ સુખદુખ દી રિતિ ભિલદી. ૨ જિન.

**અંત –** શ્રી જિનધર્મ દી પ્રીતિ લહી જે કિરમજી રાગ રંગિલદી જિન.
**જ્ઞાનચંદ** ગુરુ સીસ યૂં આખિતૌ **શ્રીદેવ** વાણી હિલદી. ૭ જિન.
—ઇતિ સંપૂર્ણા.
(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૧.

**(૪૨૨૯) [ધન્ના માતા સંવાદ]** ૧૧ કડી

**આદિ –** જિનવચને વઇરાગીયો હો મે હો **ધન્ના** માગે માત આદેશ
કહે જનની મત મુકજે હો **ધન્ના** વહુર જો વનવેશ
તું મુઝ પ્યારા પ્રાણથી હો **ધન્ના** હું તુઝ જા ન દેશ